RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 14, Issue : 290, Dt.27-01-2024 Saturday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# બિહારમાં નીતિશના ફરી સાથી પલ્ટાની ચર્ચાથી રાજકીય ધમાસાણ



## નિતીશનો નવો દાવઃ લાલુને લાત અને ભાજપે ફરી સાથઃ બિહારમાં રાજકીય ધમધમાટ વચ્ચે બેઠકોનો દોર જારીઃ બિહારના રાજકારણમાં આજનો દિવસ મહત્વનોઃ મહાગઠબંધન સરકારનો ગમે તે સમયે ઘડો લાડવો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

બિહારમાં રાજકીય નવાજુનીના એંધાણ જોવા મળે તેવી શકયતા છે આગામી એક-બે દિવસમાં બિહારમાં JDU અને BJP એટલે કે NDA 2020ની ફોર્મ્યુલા પર ફરીથી સરકાર બનાવે તેવી શકયતા છે. આ સરકારના વડા પણ નીતિશ કુમાર જ હશે. રાજ્યમાં વર્તમાન રાજકીય ઉથલપાથલ વચ્ચે જેડીયુ, આરજેડી, ભાજપ અને કોંગ્રેસે શનિવારે તેમના પક્ષોની બેઠક બોલાવી છે. આરજેડીની બેઠકમાં તમામ ધારાસભ્યો, વિધાન પરિષદ અને અન્ય મોટા નેતાઓ હાજર રહેશે. નાયબ મુખ્યમંત્રી તેજસ્વી પ્રસાદ યાદવે આ બેઠક બોલાવી છે. કોંગ્રેસ ધારાસભ્ય દળની બેઠક પણ યોજાવાની છે. પ્રદેશ કાર્યાલયમાં ભાજપની બેઠક યોજાશે.

બિહારની રાજનીતિ માટે આજનો દિવસ ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થવાનો છે. સૂત્રોને ટાંકીને સમાચાર આવી રહ્યા છે કે બિહારમાં આજે મહાગઠબંધનની સરકાર ગમે ત્યારે પડી શકે છે. માત્ર મુખ્યમંત્રી નીતિશ કુમારની જાહેરાતની રાહ જોવાઈ રહી છે. તમને જણાવી દઈએ કે આ પહેલા ગઈકાલે નીતીશ કુમાર રાજભવન પહોંચ્યા હતા, પરંતુ નાયબ મુખ્યમંત્રી તેજસ્વી યાદવ પહોંચ્યા ન હતા. જે બાદ અટકળોએ વધુ જોર પકડ્યું હતું. તે જ સમયે, ૨૬ જાન્યુઆરીએ એક કાર્યક્રમમાં નીતિશ કુમાર અને તેજસ્વી યાદવ વચ્ચે અંતર પણ જોવા મળ્યું હતું. એક તસવીર વાયરલ થઈ છે જેમાં બંને એકબીજાથી ૫ ફૂટના અંતરે ઉભા જોવા મળી રહ્યા છે. સભ્યોની સહીવાળું સમર્થન મુખ્યમંત્રી નીતિશ કુમારને સોંપશે.

બિહારના રાજકારણમાં આગામી કેટલાક દિવસો મોટી ઉથલપાથલ લાવી શકે છે. અત્યાર સુધીના સંકેતો અનુસાર, નીતિશ કુમાર મહાગઠબંધન છોડીને એનડીએમાં પાછા ફરશે અને પછી સીએમ બનશે તે લગભગ નિશ્ચિત જણાય છે. જો કે છેલ્લી ઘડીએ બંને કેમ્પ ખૂબ જ સાવધાનીથી પોતાના પત્તાં ફેંકી રહ્યા છે, જેના કારણે સ્થિતિ સંપૂર્ણ સ્પષ્ટ નથી. આરજેડી-કોંગ્રેસ દ્વારા નીતિશ કુમારને મનાવવાનો છેલ્લી ઘડીનો પ્રયાસ સફળ થયો ન હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ભાજપનું કેન્દ્રીય નેતળત્વ NDAમાં JDUની વાપસી માટે તૈયાર છે પરંતુ સરકાર બનાવવાની ઉતાવળમાં નથી. વાસ્તવમાં, સરકાર બનાવતા પહેલા, ભાજપ ખાતરી કરવા માંગે છે કે એનડીએ પાસે પૂરતી સંખ્યા છે, કારણ કે જેડીયુના કેટલાક ધારાસભ્યો પણ આરજેડીના સંપર્કમાં હોવાનું કહેવાય છે. ભાજપનું માનવું છે કે નીતિશ કુમારના I.N.D.I.A. મહાગઠબંધનથી અલગ થવાથી તેને બિહારમાં રાજકીય લાભ કરતાં વધુ વર્ણનાત્મક લાભ મળ્યો છે. બીજેપીના રાજ્ય એકમમાં એવી સર્વસંમતિ છે કે નીતીશના આવવાથી મતોમાં કોઈ ફરક નહીં પડે અને ભાજપ પોતાના દમ પર વધુ બેઠકો જીતી શકે છે. ભાજપના એક નેતાએ કહ્યું કે જેડીયુને જે પણ સીટો આપવામાં આવશે.

# શંકાના આધારે કોઈને દોષિત ગણાવી શકાય નહીંઃ સુપ્રીમ

## ૧૫ વર્ષ પહેલાં હત્યા કેસમાં પકડાયેલાં આરોપીને નિર્દોષ જાહેર કરાયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

૧૫ વર્ષ જૂના હત્યા કેસમાં સુપ્રીમ કોર્ટે આરોપીને સજા મુક્ત કરતા કહ્યું કે શંકાના આધારે કોઈને દોષિત ઠેરવી શકાય નહીં. આ મામલામાં સુપ્રીમ કોર્ટ સમક્ષ એવો સવાલ ઉઠાવવામાં આવ્યો હતો કે શું લોહીથી ખરડાયેલા હથિયારની રિકવરીની શંકાના આધારે આરોપીને દોષિત ગણાવી શકાય? આ કાયદાકીય પ્રશ્ન પર, સુપ્રીમ કોર્ટે કહ્યું કે સંજોગોવશાત પુરાવાના કિસ્સામાં, લોહીના ડાઘવાળા હથિયારની પુનઃપ્રાપ્તિ એ દોષિત ઠેરવવાનો આધાર હોઈ શકે નહીં જ્યાં સુધી તે હત્યા સાથે જોડાયેલ ન હોય.

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ બી.આર. ગવઈની આગેવાની હેઠળની બેન્ચે કહ્યું કે કોઈપણ શંકાના આધારે જ્યાં સુધી અન્ય



પૂરક પુરાવા હાજર ન હોય ત્યાં સુધી આરોપીને દોષિત ઠેરવી શકાય નહીં. સર્વોચ્ચ અદાલતે કહ્યું કે એક સમાધાનકારી સિદ્ધાંત છે કે શંકા ગમે તેટલી નક્કર હોય, તે કેસ સાબિત કરવાની જગ્યા ન લઈ શકે.

સુપ્રીમ કોર્ટમાં રજૂ કરાયેલા કેસમાં ફરિયાદ પક્ષે આરોપ લગાવ્યો હતો કે છત્તીસગઢના રહેવાસી આરોપી રાજા નાયકરે ૨૦૦૯માં આ ગુનો કર્યો હતો.અને તેણે ખૂબ જ ધારદાર છરી વડે દુષ્કર્મ આચર્યું હતું. તેમજ લાશને કંવાલમાં બાંધેલી હતી. એવું કહેવામાં આવ્યું હતું કે આરોપીઓના કહેવા પર લોહીના ડાઘાવાળા હથિયારો મળી આવ્યા હતા. પરંતુ, ફરિયાદી પક્ષ શંકાની બહાર સાબિત કરી શક્યું નથી કે છરી આરોપીની છે.

ટ્રાયલ કોર્ટે હથિયાર અને કંવલ રિકવરીના આધારે આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા. હાઈકોર્ટે પણ તેને દોષિત જાહેર કર્યો હતો અને કહ્યું હતું કે તેના ઈશારે કઈ રીતે વસૂલાત થઈ તે અંગે આરોપી સ્પષ્ટતા આપી શકે તેમ નથી. આ નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. આ મુદ્દે સુપ્રીમ કોર્ટે કહ્યું કે એફએસએલ રિપોર્ટ કહે છે કે છરી પર લાગેલું લોહી માનવનું છે, પરંતુ તે મૃતકનું હતું તેવું નથી જણાવ્યું. ખુલ્લી જગ્યાએથી રિકવરી થઈ છે.

# દેશના ૭૫માં પ્રજાસત્તાક પર્વની ગરીમામય ઉજવણી

## પ્રજાસત્તાક પર્વની પરેડમાં ભારતની સૈન્ય તાકાતનું કરાયું પ્રદર્શનઃ નારી શક્તિ રહી કેન્દ્ર સ્થાને

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતના ૭૫માં પ્રજાસત્તાક પર્વની દેશભરમાં આન-બાન અને શાનથી ઉજવણી કરવામાં આવી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો અને ત્યારબાદ ૨૧ તોપની સલામી આપવામાં આવી હતી. ગણતંત્ર દિવસના મુખ્ય મહેમાન એવા ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમૈનુએલ મૈક્રો, ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના મહાનુભાવો મૌજુદ રહ્યા હતા. રાષ્ટ્રીય પર્વની ઉજવણીને ધ્યાને રાખીને સમગ્ર દિલ્હીમાં અભેદ્ય સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

૭૫માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કર્તવ્યપથ પર યોજવામાં આવી હતી તેમાં નારીશક્તિને કેન્દ્ર સ્થાને રાખવામાં આવી હતી. પ્રથમ વખત સૈન્યની ત્રણેય મહિલાપાંખોને આગળ રાખવામાં આવી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રાષ્ટ્રધ્વજ લહેરાવ્યા બાદ ૨૧ તોપોની સલામી ઝીલી હતી અને ત્યારબાદ ભારતની તાકાત દર્શાવતી ૯૦ મીનીટની પરેડનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

પરેડમાં ગુજરાત સહિતના રાજ્યોના ટેબ્લો ઉપરાંત સૈન્ય તાકાતનું પ્રદર્શન કરવામાં







આવ્યું હતું. મણીપુરથી માંડીને હરિયાણા સુધીની નારીશક્તિ દર્શાવવામાં આવી હતી. વિવિધ થીમ પરના ટેબ્લો રજુ થયા હતા. ગુજરાતના ટેબ્લોમાં ધોરડો તથા ગરબાને સ્થાન આપ્યું હતું.

પ્રજાસત્તાક પર્વની કર્તવ્યપથ પર ઉજવણીના પ્રારંભ પૂર્વે રાષ્ટ્રપતિ મુર્મૂ તથા ફ્રાંસના રાષ્ટ્રપતિ મૈક્રો સમારોહ સ્થળે પહોંચ્યા હતા. ખાસ નબગીથમાં તેઓ કર્તવ્યપથ પહોંચ્યા હતા. જ્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા બન્નેનું સ્વાગત કરવામાં આવ્યું હતું.

કર્તવ્યપથ પર પ્રજાસત્તાક પરેડમાં વિકસીત ભારતની થીમ પર નારીશક્તિનો પરિચય દર્શાવવામાં આવ્યો હતો. મહિલા સશક્તિકરણની દિશામાં શ્રેણીબધ્ધ કદમ ઉઠાવનાર ભારતમાં નારીશક્તિને પરેડમાં કેન્દ્ર સ્થાને રાખવામાં આવી હતી. ૧૦૦ મહિલા કલાકારોના અનોખા પરફોર્મન્સ પણ રાખવામાં આવ્યા હતાં.

૯૦ મીનીટની પરેડમાં ભારતની સૈન્ય તાકાત, સાંસ્કૃતિક વૈવિધ્યની ઝાંખી પણ દર્શાવવામાં આવી હતી.

પરેડમાં સૌથી આગળ સૈન્યની ત્રણેય પાંખોને સ્થાન આપવામાં આવ્યું હતું. સૈન્ય તાકાતમાં ટી૯૦ ટેન્ક, એન્ટી-ટેન્ક નાય મિસાઈલ, મલ્ટીબેરલ રોકેટ લોન્ચર પિનાકા, રડાર સિસ્ટમ સહિતના અત્યાધુનિક શસ્ત્ર સરંજામ દર્શાવવામાં આવ્યા હતાં.

પરેડમાં હેલીકોપ્ટરે ધ્વજ આકારમાં ઉજવણીમાં ઉપસ્થિત મહાનુભાવો-પ્રેક્ષકો પર પુષ્પવર્ષા કરી હતી. ત્યારબાદ શંખ, નાદસ્વરમ, નગાદા ધ્વનિ સાથે પરેડનો પ્રારંભ કરાવવામાં આવ્યો હતો. દેશના રાષ્ટ્રીય પર્વની ઉજવણીને ધ્યાને રાખીને પાટનગરમાં આભેદ-અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી. જમીનથી આકાશ સુધી સલામતી ગોઠવણ કરવામાં આવી હતી. કર્તવ્યપથ પર ૧૪ હજાર સહિત સમગ્ર દિલ્હીમાં ૭૦ હજાર જવાનો તૈનાત કરવામાં આવ્યા હતાં.

# લોકસભાની ચૂંટણી માટે ભાજપે પૂર્વ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને ચંદીગઢના પ્રભારી બનાવાયા

## રાજ્યના વધુ એક નેતા પૂર્ણેશ મોદીને દીવ-દમણની જવાબદારી સોંપાઈઃ ૨૩ રાજ્યના પ્રભારી અને સહપ્રભારીઓના નામની યાદી જાહેર કરાઈ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ભારતીય જનતા પાર્ટી (BJP)એ લોકસભા ચૂંટણી માટે પ્રભારીયોની યાદી જાહેર કરી દીધી છે. આ યાદીમાં ૨૩ રાજ્યના પ્રભારી અને સહ પ્રભારીઓના નામ છે. આ યાદીમાં ઉત્તરપ્રદેશ, મધ્યપ્રદેશ, પશ્ચિમ બંગાળ સહિત ૨૩ રાજ્યોના નામ છે. ઉત્તપ્રદેશમાં બૈજયંત પાંડા તો બંગાળમાં મંગલ પાંડેને પ્રભારી બનાવાયા છે.

દેશના સૌથી મોટા રાજ્ય ઉત્તરપ્રદેશની જવાબદારી બૈજયંત પાંડાને







સોંપાઈ છે. બિહારના પૂર્વ સ્વાસ્થ્ય મંત્રી મંગલ પાંડેયને પશ્ચિમ બંગાળની જવાબદારી સોંપાઈ છે. મહેન્દ્ર સિંહને મધ્યપ્રદેશના લોકસભા ચૂંટણી પ્રભારી અને સતીશ ઉપાધ્યાયને સહ પ્રભારી બનાવાયા છે.

# કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામન એક ફેબ્રુઆરીએ સતત છઠ્ઠુ બજેટ રજૂ કરશે

## પુર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈના નામે નોંધાયેલ રેકોર્ડની કરશે બરાબરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

નાણામંત્રી નિર્મલા સીતારામન એક ફેબ્રુઆરીએ સતત છઠુ બજેટ રજૂ કરશે તે સતત પાંચ પુર્ણ બજેટ અને એક વચગાળા (અંતરિમ)નું બજેટ રજુ કરીને પુર્વ વડાપ્રધાન મોરારજી દેસાઈના નામે નોંધાયેલ રેકોર્ડની બરાબરી કરશે.

સીતારામન એક ફેબ્રુઆરીએ અંતરિમ બજેટ રજુ કરવાની સાથે સાથે મનમોહનસિંહ, અરુણ જેટલી, ચિદંબરમ અને યશવંતસિંહાના રેકોર્ડને પણ પાછળ રાખી દેશે. આ નેતાઓએ સતત પાંચ બજેટ રજુ કર્યા હતા. નાણામંત્રી તરીકે મોરારજી દેસાઈએ





૧૯૫૯-૧૯૬૪ દરમિયાન પાંચ વાર્ષિક અને એક વચગાળાનું બજેટ રજુ કર્યુ હતું. એક ફેબ્રુઆરીએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ રજૂ થનાર અંતરિમ બજેટ લેખાનુદાન હશે.

મોદી સરકારે ચુંટણી બાદ ૨૦૧૯માં પોતાના બીજા કાર્યકાળમાં નિર્મલા સીતારામનને નાણા વિભાગની જવાબદારી સોંપી હતી. તે ઈન્દીરા ગાંધી બાદ બજેટ રજુ કરનારી બીજી મહિલા બની હતી. ઈન્દીરા ગાંધીએ નાણાકીય વર્ષ ૧૯૭૦-૭૧ માટે બજેટ રજુ કર્યુ હતું.

સીતારામને બજેટ દસ્તાવેજ માટે ઉપયોગમાં લેવાતી નબ્રીફકેસથને હટાવી દીધી હતી અને તેની જગ્યાએ રાષ્ટ્રીય પ્રતીક ચિહન વાળું નવહી-ખાતાથ અપનાવ્યું. સ્વતંત્ર ભારતને પહેલું બજેટ પ્રથમ નાણામંત્રી ષણયુખી ચેટ્ટીએ રજુ કર્યુ હતું. ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૧૭માં કેન્દ્રની મોદી સરકારે આખિરી કાર્યદિવસની જગ્યાએ એક તારીખે બજેટ રજુ કરવાનો નિર્ણય કર્યો હતો.

# દિલ્હીના શાહદરા જિલ્લાના રામનગર વિસ્તારમાં ગઈકાલે સાંજે આગ લાગતા બાળકી સહિત ચારના મોત

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હીના શાહદરા જિલ્લાના રામનગર વિસ્તારમાં શુક્રવારે સાંજે એક ચાર માળની ઈમારતમાં આગ ભભુકી ઉઠતા આ દુર્ઘટનામાં ૯ મહિનાની બાળકી સહિત ૪ લોકોના મોત નિપજયા હતા.

આગના આ બનાવમાં ૧૬ વર્ષની તરૂણી અને એક ૭૦ વર્ષની વૃદ્ધ ગંભીર રીતે ઘાયલ થયા હતા. ફાયર બ્રિગેડે ખૂબ જ જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. ઈમારતના ગ્રાઉન્ડ ફ્લોર પર વાઈપર, રબર અને કટીંગ મશીન પડેલા હતા.

અહીથી આગ શરૂ થઈ હતી. નીચેના ભાગમાં આગ લાગેલી હોવાથી



લોકો ઉતરી શકયા નહોતા અને શ્વાસ રૂંધાવાથી લોકો બેભાન થઈ ગયા હતા.



પોલીસ આગ લાગવાના કારણની તપાસ કરી રહી છે.

# કાશ્મીરમાં બે મહિનાના વિરામ બાદ ફરી હિમવર્ષાઃ હિમાચલમાં પણ બરફની ચાદર પથરાઈ

## પંજાબ, હરિયાણા સહિત ઉત્તર ભારતના રાજ્યોમાં શીત લહેરઃ યુપીમાં રેડએલર્ટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દિલ્હી સહીત ઉત્તર ભારતમાં કડકડતી ઠંડી અને ગાઢ ઘુમ્મસનો દોર હોવા છતા કાશ્મીર-હિમાચલ પ્રદેશ જેવા પર્વતીય રાજયોમાં હિમવર્ષા ન થતા ચિંતા વ્યકત થવા લાગી હતી ત્યારે બે મહિના બાદ હવે હિમવર્ષાથઈ છે.

કાશ્મીર-હિમાચલ પ્રદેશમાં બે મહિનાથી શુષ્ક હવામાનનો દોર હતો તે હળવી-મધ્યમ હિમવર્ષા સાથે સમાપ્ત થયો હતો. અનેક ભાગોમાં બરફની ચાદર છવાઈ હતી. હવામાન વિભાગ દ્વારા ૩૧ જાન્યુઆરી સુધી જુદા-જુદા ક્ષેત્રોમાં બરફવર્ષા થવાની આગાહી કરી છે. કાશ્મીર ખીણનાં ગુલમર્ગ, પહલગાવ, સોનમર્ગ, ગુરેજ, માછીલ, દુધપરી, શોપીયામાં હળવી હિમવર્ષા થઈ હતી.





શ્રીનગરમાં સામાન્ય વરસાદ થયા બાદ સવારે હવામાન સુર્યપ્રકાશીત બન્યુ હતું.હિમાચલ પ્રદેશમાં કુલ્લુ, જીલ્લામાં અટલ ટનલનાં ઉતરીય પોર્ટલ ચંબા જીલ્લાનાં ભરમૌર તથા પોંગીમાં સામાન્ય હિમવર્ષા થઈ હતી. રોહતાંગ, બારાલાચાપાસ, શિંકુલાવાસ, તથા કુંજુમ પાસમાં સામાન્યથી મધ્યમ હિમવર્ષા થઈ હતી.સિમલા હવામાન વિભાગે ૩૦-૩૧ જાન્યુઆરીએ પહાડી ક્ષેત્રોમાં ફરી હિમવર્ષા થવાની તથા અન્ય અમુક ભાગોમાં હળવો વરસાદ થવાની આગાહી કરી છે. જોકે નીચલા મેદાની ભાગોમાં હવામાન શુષ્ક જ રહે છે. બીજી તરફ દિલ્હી, પંજાબ, હરીયાણા, જેવા રાજયોમાં કડકડતી ઠંડી તથા ગાઢ ઘુમ્મસનો દોર જારી રહ્યો હતો.હિસ્સારમાં તાપમાન ૨.૭ ડીગ્રી સુધી નીચે આવી ગયુ છે. ઉત્તર પ્રદેશમાં ઠંડીનુ રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.

ઉત્તર ભારત સિવાય દેશમાં કયાંય કડકડતી ઠંડી પડી નથી એટલું જ નહી વરસાદ કે હિમવર્ષા પણ પર્યાપ્ત નથી. શિયાળુ વરસાદમાં મોટી ખાધ છે.

# રાજકોટની ચૌધરી હાઈસ્કુલના પટાંગણમાં શહેરકક્ષાના ૭૫માં ''પ્રજાસત્તાક પર્વ''ની શાનદાર ઉજવણી

## વિકસિત ભારતના નિર્માણમાં ગુજરાત બન્યું ગ્રોથ એન્જિન સમાનઃ શ્રેષ્ઠ રાષ્ટ્રના નિર્માણમાં સરકાર સાથે ખભે-ખભો મિલાવીને આગળ વધવાની દરેક નાગરિકની જવાબદારીઃ ચેતન ગાંધી







**મુખ્ય સમાચાર, રાજકોટ**

૭૫માં ''પ્રજાસત્તાક પર્વ''ની રાજકોટ શહેરકક્ષાની શાનદાર ઉજવણી ચૌધરી હાઈસ્કુલના પટાંગણમાં નિવાસી અધિક કલેકટરશ્રી ચેતન ગાંધીના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી. નિવાસી અધિક કલેકટરશ્રી ચેતન ગાંધીએ દેશની આન, બાન અને શાન એવા રાષ્ટ્રધ્વજને ફરકાવીને સલામી આપી હતી. ધ્વજવંદન બાદ રાષ્ટ્રગાન કરીને પરેડનું નિરીક્ષણ કર્યું હતું. તેમજ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે અધિકારીઓ, કર્મચારીઓ, નાગરિકો પાસે જઈને પ્રજાસત્તાક પર્વનું અભિવાદન ઝીલ્યું હતું.

આ તકે નિવાસી અધિક કલેકટરશ્રી ચેતન ગાંધીએ જણાવ્યું હતું કે, આપણે સૌ ''આઝાદીનો અમૃત કાળ'' ઉજવી રહ્યા છીએ, ત્યારે દેશ માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરનાર નામી-અનામી શહીદોને કારણે જ આપણે આઝાદીના ફળ ચાખી રહ્યા છીએ. આજે સમગ્ર વિશ્વ માટે ભારત દેશ મિશાલ બન્યો છે. જે આપણા સૌ માટે ગર્વની વાત છે. ભારત પરિશ્રમ અને જન કલ્યાણને કેન્દ્રમાં રાખીને વિકસિત ભારતના નિર્માણમાં હરણફાળ ગતિએ આગળ વધી રહ્યો છે. ત્યારે દેશની ૫ ટકા વસ્તી ધરાવતું ગુજરાત રાજ્ય શ્રેષ્ઠ રાષ્ટ્રના નિર્માણમાં ગ્રોથ એન્જિન બન્યું છે.

વધુમાં રાજકોટ જિલ્લામાં થયેલા વિકાસ કામો વિશે વર્ણવતા જણાવ્યું હતું કે, તાજેતરમાં જ રૂપિયા ૧૪૦૫ કરોડના ખર્ચે બનેલ આંતરરાષ્ટ્રીય ગ્રીનફિલ્ડ એરપોર્ટનું લોકાપર્ણ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવ્યું છે. જે રાજકોટની આગવી ઓળખ બન્યું છે. જિલ્લામાં પરિવહન વ્યવસ્થા સુદ્રઢ બને તે માટે અનેક ફલાય ઓવરબ્રિજ અને અંડરબ્રિજના નિર્માણ થયા છે. તેમજ ગુજરાતની સૌપ્રથમ એઈમ્સના નિર્માણ સાથે આરોગ્ય ક્ષેત્રે સુરક્ષા કવચ પૂરું પાડનાર પી.એમ.જે.વાય યોજના હેઠળ આશરે ૧૪ લાખથી વધુ લોકોને આયુષ્માન કાર્ડ ઇસ્યુ કરવામાં આવ્યા છે.

રાજકોટ શહેરની વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ ભગવાનશ્રી રામના ગુણગાન કરતી સુંદર કૃતિઓ, ''મૈ નયે ભારત કા ચહેરા હું'', ''મેરે દેશ કી બેટી'' સહિતના રાષ્ટ્રભકિત ગીતો પર રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કર્યા હતા. ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે શ્રેષ્ઠ કામગીરી બદલ વિવિધ સરકારી વિભાગોમાં ફરજ બજાવતા ૧૪ જેટલા કર્મયોગીઓ, કલા ક્ષેત્રે યુવા મહોત્સવમાં વિજેતા થયેલા ૦૪ સ્પર્ધકો તથા સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરનાર જુદી જુદી ૦૫ શાળાઓને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આઝાદીના આ પર્વ નિમિત્તે લોકોમાં પર્યાવરણ પ્રત્યે જાગૃતિ આવે તે હેતુસર સાંસ્કૃતિક કાર્યક્રમોના અંતે મહાનુભાવોના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલનશ્રી હરેશ ટી. રાવલએ કર્યું હતું.

આ પ્રસંગે સંસદ સભ્યશ્રીઓ મોહનભાઈ કુંડારિયા, રામભાઈ મોકરીયા, પૂર્વ ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, તપસ્વી સ્વામી જે.પી. મુનિશ્રી, પ્રાંત અધિકારી કે.જી.ચૌધરી, મામલતદારઓ, સામાજિક અગ્રણીશ્રી યશવંતભાઈ જનાણી સહિત જુદી જુદી કચેરીઓના અધિકારીઓ, કર્મચારીઓ, અગ્રણીશ્રીઓ, સ્વતંત્ર સેનાનીના પરિવારજનો, શિક્ષકો, પ્રબુદ્ધ નાગરિકો અને શાળાના વિદ્યાર્થીઓ આઝાદીના પર્વમાં સામેલ થયા હતા.

# રાજકોટમાં પોલીસ તંત્ર દ્વારા ૭૫માં ગણતંત્ર દિનની ઉજવણી, સ્લોગનો અને મોકડ્રિલ દ્વારા લોકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસ કરાયો





**મુખ્ય સમાચાર, રાજકોટ**

દેશભરમાં ૭૫માં ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી હતી ત્યારે રાજકોટ શહેર પોલીસ દ્વારા પ્રજાસત્તાક પર્વને લઈને કાર્યક્રમ યોજાયો હતો, જેમાં પોલીસ પરેડની સાથે વિદ્યાર્થીઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ પણ યોજાયો હતો. આ તકે પોલીસ કમિશનરે રામરાજ્યની સ્થાપનાની હાંકલ કરી હતી. આ તકે મુસાફરો ભરેલી બસને હાઈજેક કરતા ૨ આતંકવાદીઓને ઠાર મરાયા હતા તો બોમ્બ ડિસ્પોઝ કરી મુસાફરોને બચાવી લેવાયા હતા. જોકે, બાદમાં તે મોકડ્રીલ હોવાનુ જાહેર થયું હતુ.

રાજકોટનાં પોલીસ હેડ ક્વાટર ખાતે સ્થિત પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં અલગ-અલગ પ્લાટૂનમાં પોલીસ જવાનો તેમજ સ્ટુડન્ટ કેડેટ દ્વારા અદભૂત પરેડ કરવામા આવી હતી. આ તકે વાહનો ચલાવતા મોબાઈલ પર વાત ન કરવા, સાયબર ક્રાઇમથી એલર્ટ રહેવા ઉપરાંત મદ્યપાન કરી વાહન ન ચલાવવા, સીટ બેલ્ટ ફરજિયાત બાંધવા સહિતનાં સ્લોગન દર્શાવવામાં આવ્યા હતા.

આ તકે પોલીસ કમીશ્નર રાજુ ભાર્ગવે જણાવ્યું હતું કે, ભારત દેશને આઝાદી અપાવવા માટે અનેક સ્વાતંત્ર્ય કુરબાની આપી છે. જેથી આ પવિત્ર ધરતી પર જન્મવાનુ ગૌરવ છે. આ તકે તેમણે કહ્યું કે, ૫૦૦ વર્ષ બાદ ભગવાન શ્રીરામની પુનઃ સ્થાપના થઈ છે અને અયોધ્યામાં રામ મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ થયો છે ત્યારે ભારત દેશના બંધારણમાં પણ રામરાજ્યની કલ્પના કરવામાં આવી છે. જેથી આપણું રાજ્ય અને શહેર રામરાજ્યની માફક બને તે જરૂરી છે આ પ્રકારના રામરાજ્યમાં તમામ લોકો કોઈપણ જાતના ભય વિના સુખ અને શાંતિથી રહી શકે છે અને શાસકો પણ ભગવાન રામની જેમ રાજ્યનો કારભાર ચલાવે તે જરૂરી છે.

આ દરમિયાન શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા અદભુત સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કરવામાં આવ્યા હતા. જેમાં વાહન ચલાવતા મોબાઈલ પર વાત કરતા હોય તો અકસ્માત સર્જાય તે પ્રકારની લોકોને જાગૃત કરતી કૃતિ રજૂ કરવામાં આવી હતી. ત્યારબાદ અચાનક પોલીસ પરેડ ગ્રાઉન્ડમાં બોમ્બ બ્લાસ્ટ થયો હતો અને તુરંત જ પોલીસ અને બોમ્બ ડિસ્પોઝ કરતી ક્વિક રિસ્પોન્સ પોલીસ ટીમ આવી પહોંચી હતી આ દરમિયાન આતંકવાદીઓએ બસ હાઈજેક કરી લીધી હતી. જેથી તેમાં બેસેલા મુસાફરો ડરી ગયા હતા.

આ દરમિયાન ક્વીક રિસ્પોન્સ ટીમના પોલીસ જવાનો તુરંત ત્યાં પહોંચી ગયા હતા અને બસમાં મુસાફરોને બંધક બનાવતા ૨ આતંકવાદીને ઠાર મારી દીધા હતા અને ૧ આતંકવાદીને ઝડપી પાડ્યો હતો. આ દરમિયાન એક પોલીસ જવાન પણ ઘાયલ થયો હતો. જોકે બાદમા આ મોકડ્રીલ હોવાનુ જાહેર થતાં ઉપસ્થિત સૌ કોઈએ હાશકારો લીધો હતો.

## વરિષ્ઠ પત્રકાર દિલીપભાઈ ગોહિલનું અવસાન

અગ્ર ગુજરાતના શિલ્પી અને વરિષ્ઠ પત્રકાર દિલીપ ગોહિલ (ઉમર ૬૦) નું તા.૨૭ જાન્યુઆરીની મોડી રાત્રે ભાવનગરમાં હોસ્પિટલમાં સારવાર દરમિયાન હૃદય બંધ પડી જતાં અવસાન થયું હતું. થોડા દિવસ પહેલાં વાયેલ ઈન્ફેક્શન થયું હતું.



રાજકોટમાં એમને તાવ આવેલો બાદમાં વતન રાજુલામાં તબિયત વધુ બગડતા ભાવનગર બજરંગદાસ હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યાં વધુ તબિયત બગડી ને વેન્ટિલેટર પર રાખવામાં આવ્યા. ઘનિષ્ઠ સારવાર પછી તબિયત સ્થિર થઈ પણ ૨૭ની રાત્રે તબિયતે ઉથલો માર્યો અને.મોડી રાત્રે એમણે દુનિયાને અલવિદા કરી હતી. દિલીપના પરિવારમાં પત્ની ચંદ્રિકાબેન , પુત્ર કુણાલ , પુત્રી કુંજ છે.

દિલીપની પત્રકારત્વમાં ત્રણ દાયકાની તેજસ્વી કારકિર્દી રહી. પ્રિન્ટથી માંડી ડીજીટલ મીડિયા સુધી એમણે કામ કર્યું. બહુ સારા અનુવાદક હતા. કવિ પણ. રાજકોટ, મુંબઇ, દિલ્હી, હૈદરાબાદ, અમદાવાદમાં વિવિધ અખબારો , સામાયિક, ટીવી ચેનલ, વેબસાઈટ માટે કે કર્યું. એમની નીચે ઘણા બધા પત્રકારોનું ઘડતર થયું. એ ટેકનોલોજીના પણ અચ્છા જાણકાર હતા. શ્રેષ્ઠ સંપાદક ને ઉમદા માનવી હતા. રાજકીય સમીક્ષક તરીકે એમની નોખી ભાત રહી. કર્મઠ ને નિષ્ઠાવાન , નિડર પત્રકારની વિદાયથી ગુજરાતી પત્રકારત્વને ખિત તો પડી છે.

## સિનિયર પ્રેસ ફોટોગ્રાફર મુકેશભાઈ રાઠોડના માતુશ્રી લલીતાબેન રાઠોડનું અવસાનઃ સોમવારે બેસણું



રાજકોટઃ કારડીયા રાજપૂત ગં.સ્વ. લલીતાબેન અમરસિંહ રાઠોડ (ઉ.વ.૯૧) તે સ્વ.અમરસિંહ રૂપસિંહ રાઠોડના ધર્મપત્ની, સ્વ.રણજીતસિંહ અમરસિંહ રાઠોડ, નટવરસિંહ અમરસિંહ રાઠોડ (નિવૃત્ત રેલ્વે કર્મચારી), મુકોભાઈ અમરસિંહ રાઠોડ (સિનિયર પ્રેસ ફોટોગ્રાફર ગુજરાત મીરર દૈનિક) તથા સુરેશભાઈ અમરસિંહ રાઠોડના માતુશ્રીનું તા.૨૫-૧-૨૪ના રોજ અવસાન થયું છે. સદ્ગતનું બેસણું તા.૨૯ના સોમવારે સાંજે ૪ થી ૬, તેમના નિવાસસ્થાન 'અમર જયોત' પોપટપરા મેઈન રોડ, પોસ્ટ ઓફિસની બાજુમાં રાજકોટ ખાતે રાખેલ છે.

# જામનગર જિલ્લામાં પાંચ સ્થળે દરોડામાં છ શખ્સો દારૂ સાથે ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**





જામનગર સિક્કા પોલીસે બેડ ગામના પાટીયા પાસેથી કારમાંથી ૧૨૦ બોટલ દારૂનો જથ્થો ઝડપી પાડી ચાર શખ્સોને દબોચી લીધા હતા. જ્યારે તેમની તપાસમાં અન્ય બે શખ્સોના નામ ખુલતા પોલીસે આ બંનેને ફરારી જાહેર કરી ત્યાં સુધી પહોંચવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.આ મામલે સિક્કા પોલીસ મથકે નોંધાયેલી વિગત એવી છે કે બેડ ગામના પાટીયા પાસે કારમાં દારૂની હેરાફેરી મામલે પોલીસને બાતમી મળી હતી. જેને લઈને સિક્કા પોલીસ સ્ટાફ તાબડતો બાતમી સ્થળે દોડી ગયો હતો. જ્યાં બેડ પાટીયા પાસે પધોડીયુ સીમમાં કેનાલ પાસે એક શંકાસ્પદ કારને અટકાવી તલાસી લેતા ટાટા કંપનીની એન્ટ્રોસ કાર રજીસ્ટર નંબર જીજે૧૦ ડીએન ૭૯૭૪ માંથી દારૂની ૧૨૦ બોટલનો જથ્થો ઝડપાયો હતો. જેને લઇને પોલીસે ૬૦,૦૦૦ ની કિંમતનો દારૂ કબ્જે કર્યો હતો.પોલીસે આરોપી મંદિપસિંહ ક્નકસિંહ જાડેજા.ઉ.વ.-૨૭ ધંધો-ડ્રાઇવીંગ રહે,કેદારપાર્ક પ્રથમ શેરી બેડી રોડ એસ્સાર સ્કુલ પહેલા જામનગર.તથા મુનાર અબ્દુલકાદીર શેખ.ઉ.વ.-૨૫ ધંધો-ડ્રાઈવીંગ રહે,યોગેશ્વરનગર મહાદેવ મંદિરની બાજુમા શેરી નં-૬ જામનગર. સમીરભાઇ યાકુબભાઇ બુખારી.ઉ.વ.-૧૯ ધંધો-મજુરી રહે,ધુવાવ જમાત ખાનાની બાજુમા તા,જી,જામનગર.અને દિવ્યરાજસિંહ દીલીપસિંહ દલજાડેજા.ઉ.વ.-૨૦ ધંધો-ડ્રાઇવીંગ રહે,મુંગણીગામ રામાપીરના મંદિરની બાજુમા તા,જી,જામનગર. ને પકડી લીધા હતા. જેની પૂછપરછમાં આરોપી ધનરાજસિંહ જગદિશસિંહ જાડેજા.રહે,મુંગણી. તથા રાહિલ ગોધરેજીયાની સંડોવણી ખુલતા પોલીસે તેને દબોચી લેવા કાર્યવાહી હાથ ધરી છે.વધુમાં પોલીસ ઝપટે ચડેલા શખ્સોના કબ્જામાંથી પોલીસે ૧૫,૦૦૦ની કિંમતના ત્રણ મોબાઇલ કાર દારૂ સહિત ૫. ૭૫ લાખનો મુદ્દામાલ કબ્જે કરી તમામ વિરુદ્ધ પ્રોહીબિશન ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી છે. હાલ આ પ્રકરણની સિક્કા પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ જે.એમ. જાડેજા વધુ તપાસ ચલાવી રહ્યા છે.જામનગરમાં સાત રસ્તા સર્કલમાં ટ્રાફિક પોલીસ દ્વારા ગત સાંજે વાહન ચેકિંગ કરવામાં આવી રહ્યું હતું, જે દરમિયાન એક રીક્ષાની તપાસણી દરમિયાન માલ સામાનની નીચે દારૂની બાટલી નો જથ્થો સંતાડવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું. જી.જે.૧૦ ટી.ટી. ૪૭૪૦ નંબરની એક માલ ભરેલી રીક્ષા માં માલ ભરેલો હોય તે રીક્ષા ને ટ્રાફિક દ્વારા રોકી તપાસ કરતાં તેમાંથી દારૂની બોટલો મળી આવી હતી.આથી ટ્રાફિક પોલીસે તાત્કાલિક ટ્રાફિકના પી.આઈ. એમ. બી. ગજરને જાણ કરી હતી, અને પંચેશ્વર ટાવર પાસે આવેલી ટ્રાફિક પોલીસ ચોકી એ લઈ જવામાં આવ્યા હતા. ત્યારબાદ પી.આઇ. ની સૂચનાથી દારૂની બોટલ અને રીક્ષા ચાલકને સીટી બી. ડિવિઝન પોલિસ મથકમાં પોલીસના હવાલે કરવામાં આવ્યો હતો.

આ ઉપરાંત સિક્કા પોલીસે ધૂળિયા ફાટક પાસેથી મહાવીરથી પ્રવિણસિંહ જાડેજાને દારૂના જથ્થા સાથે ઝડપી પાડ્યો હતો. જામનગરના પટેલ કોલોની ગેલેરીયા કોમ્પલેક્ષમાં રહેતા મહાવીર સિંહ પ્રવિણસિંહ જાડેજા વિદેશી દારૂની ચાર બોટલો સાથે નીકળતા પોલીસે તેને પકડી પાડી ₹૨,૦૦૦ નો દારૂનો જતો જપ્ત કરી તેમની વિરુદ્ધ પ્રોહિબિશન ધારા હેઠળ કાર્યવાહી હાથ ધરી હતી.

આ ઉપરાંત સીટી એ ડિવિઝન પોલીસે જામનગરના દિગ્વિજય પ્લોટ ૩૧ માં નહરેના કાંઠે શ્રીજી નિવાસમાં રહેતા આરોપી ભાવેશ ઉર્ફે ભાવલો કટારમલના રહેણાંક મકાનમાં રેડ પાડી હતી. અને આ દરમિયાન તેના મકાનમાંથી ૧૫ બોટલ દારૂનો જથ્થો ઝડપાયો હતો. જેને લઇને પોલીસે ૭૫૦૦ નો મુદ્દામાલ જપ્ત કરી રેડ દરમિયાન આરોપી ભાવેશ ઉર્ફે ભાવલો હાજર ન મળતા તેમની વિરુદ્ધ ગુનો નોંધી અને તેમને દબોચી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.દારૂના અન્ય એક કેસની સીટીસી ડિવિઝન પોલીસ મથકે નોંધાયેલી વિગત એવી છે કે શહેરના શંકર ટેકરી નેરુનગર શેરી નંબર પાંચમાં રહેતા આરોપી દેવજીભાઈ નાથાભાઈ સાગઠીયા દારૂની હેરાફેરી કરતો હોવાની બાતમી મળતા સીટીસી ડિવિઝન પોલીસે રેડ પડી હતી. આ દરમિયાન આરોપીના રહેણાંક મકાનમાંથી સાત બોટલ દારૂનો જથ્થો ઝડપાયો હતો જેને લઇને પોલીસે ૩,૫૦૦ નો મુદ્દામાલ કબજે કરી આરોપી દેવજી નાથા સાગઠીયાને દબોચી લીધો હતો.

# પટ્ટણીવાડમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયો, બે શખ્સ ઝડપાયા

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગરના પટ્ટણીવાડ વિસ્તારમાં એક મકાનમાંથી એકાદ તોલા સોનાના દાગીના ચોરાઈ ગયા હતા. જેની શરૂ થયેલી પોલીસ તપાસમાં ચાંદી બજારના બુગદામાં ચોરાઉ દાગીના વેચવાનો પ્રયાસ કરી રહેલા બે શખ્સ ઝડપાઈ ગયા છે. આ શખ્સોએ પાડોશમાં જ આવેલા મકાનમાં ચોરી કર્યાનું કબૂલી ચોરાઉ દાગીના કાઢી આપ્યા છે.જામનગરના પટેલવાડી વિસ્તારમાં આવેલા ચિશ્તીયા મંઝીલ નામના મકાનમાં વસવાટ કરતો પરિવાર સપ્તાહ માટે મકાન બંધ કરીને બહારગામ ગયા પછી તે મકાનમાં ઉપરના માળે આવેલા ઓરડામાં કબાટમાંથી રૂા.૫૦ હજારની કિંમતના એકાદ તોલા વજનના સોનાના દાગીના ચોરાઈ ગયાની પોલીસમાં ફરિયાદ થયા પછી તપાસ શરૂ કરાઈ હતી.તે દરમિયાન નગરના ચાંદી બજારના બુગદા પાસે બે શખ્સ દાગીના વેચવા આંટાફેરા કરતા હોવાની બાતમી સિટી-એ ડિવિઝનના સર્વેલન્સ સ્ટાફના વિક્રમસિંહ, ઋષિરાજસિંહ, રાકેશ ચૌહાણને મળતા પીઆઈ એન.એ. ચાવડાને વાકેફ કરાયા પછી પીએસઆઈ એમ.એન. રાઠોડના વડપણ હેઠળ પોલીસ ટીમ દોડી ગઈ હતી.બુગદા પાસેથી શાહનવાઝ શકીલ ચૌહાણ તથા મહંમદ અખ્તર પંજા નામના બે પટ્ટણી શખ્સ મળી આવ્યા હતા. તેના કબજામાંથી સોનાના ત્રણ જોડી બુટીયા, એક જોડી છેલ કડી તથા એક પેન્ડલ અને લેડીઝ વીટી, નાની કડી મળી આવ્યા હતા. પોલીસે અંદાજે રૂા. ૬૧ હજારના દાગીના કબજે કરી બંને શખ્સની પૂછપરછ કરતા ચોરીનો ભેદ ઉકેલાઈ ગયો છે.

જે મકાનમાંથી ચોરી થઈ હતી તે મકાન પાસે જ, પટ્ટણીવાડમાં આ શખ્સો વસવાટ કરે છે. તેઓએ આ મકાન બંધ હોવાની ખબર પડતા તેમાં હાથફેરો કર્યો હતો પરંતુ તેમાં સાંપડેલા દાગીના વેચવા જતા પોલીસના હાથમાં ઝડપાઈ ગયા હતા.

# ઊના તાલુકાના વાંસોજ ગામે ૭૫ માં પ્રજાસત્તાક દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવી

**મુખ્ય સમાચાર, અબ્દુલ પઠાણ**




**ઊના:** ઊના વાંસોજ પ્રાથમિક શાળામાં ૭૫ મો પ્રજાસત્તાક દિવસ ની ઉજવણી ખુબ જ ભવ્યતાથી કરવામાં આવી હતી જેમાં સૌપ્રથમ વિદ્યાર્થીઓ દ્વારા વાંસોજ ગામની શેરી તેમજ ગલીઓ માં દેશ ભગ્ગી ના ગીતો સાથે એક ભવ્ય રેલી કાઢવામાં આવી હતી ત્યાર બાદ રાષ્ટ્ર ધ્વજને હિંગુ અંકિતાબેનના હસ્તે ફરકાવવામાં આવ્યો હતો, ત્યાર બાદ રાષ્ટ્રગીત બોલી કાર્યક્રમ ને ખુલ્લો મુકવામાં આવ્યો હતો બાદ માં સાંકૃતિક કાર્યક્રમ, ઇનામ સ્પર્ધા રાખવામાં આવી હતી પ્રજાસત્તાક દિવસનો આજ નો શ્રી વાસોજ પ્રાથમિક શાળા નો કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો જેમાં શાળા ની સાથે સાથે ગામ લોકો નો અને પંચાયત નો ખૂબ સાથ સહકાર મળ્યા તે બદલ શાળા પરિવાર વતી ગામ લોકો અને ગ્રામ પંચાયત નો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો ત્યાર બાદ ધોરણ ૩ થી ૮ માં ૧ થી ૩ નંબર લાવનાર બાળકોને ઉના તાલુકા પંચાયત ના કારોબારી ચેરમેન મોહનભાઈ ભીમાભાઇ વાજા દ્વારા શિલ્ડ આપવામાં આવ્યા હતા, રેલી માં સોમનાથ ડીજે મયુરભાઈ બારૈયા દ્વારા સેવા આપવામાં આવી, સાઉન્ડ રામભાઈ કામળીયા તેમજ વિડીયો ગ્રાફી નિરાલી સ્ટુડિયો વાંસોજ મેહુલભાઈ ઓઝા દ્વારા સેવા આપવામાં આવી હતી આ કાર્યક્રમમાં વાંસોજ ગ્રામ પંચાયત ના સરપંચ ગંગાબેન વાજા, ઉના તાલુકા પંચાયત ના કારોબારી ચેરમેન મોહનભાઈ વાજા, વાંસોજ ગ્રામ પંચાયત ના સભ્યો, એસએમસી ના અધ્યક્ષ નરેશભાઈ વાળા, વાંસોજ આરોગ્ય ના તમામ સ્ટાફ, વાંસોજ ગામના આગેવાનો જીવાભાઈ કામળીયા, ધીરુભાઈ સોલંકી, અમૃતભાઈ ઝાલા, રમેશભાઈ વાજા, ચીનાભાઇ સોલંકી, નારણભાઇ લાખણોત્રા, રમેશભાઈ સોલંકી તેમજ અનેક આગેવાનો ભાઈઓ તેમજ બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી શાંતિ પૂર્વક કાર્યક્રમ ને નિહાળ્યો હતો આ કાર્યક્રમ માં સાંસ્કૃતિક કાર્યક્રમ માં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ ને શાળા તેમજ ગ્રામજનો દ્વારા રોકડ પુરસ્કાર આશરે ૪૩ હજાર જેટલાં આપી સન્માનિત કર્યા હતા.

# રાજુલાના વિકટર ગામે તાલુકા કક્ષાના ૭૫ માં પ્રજાસત્તાકદિનની ઉત્સાહભેર ઉજવણી કરાઇ




**મુખ્ય સમાચાર, ઈલ્યાસ કલાણીયા**

**રાજુલાઃ** રાજુલા તાલુકાના વિકટર ગામે આવેલ પ્રાથમિક શાળા ખાતે તાલુકા કક્ષાના ૭૫ માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરવામા આવી હતી. પ્રાંત અધિકારી મેહુલકુમાર બરસરાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. ધ્વજવંદન કરી સલામી આપવામા આવી હતી. પધારેલા મહેમાનોનુ પુષ્પગુચ્છ આપી સ્વાગત કરાયું હતું. આ સાથે શાળાના વિદ્યાર્થીઓએ દેશભક્તિ ગીત સાથે વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. અને વિદ્યાર્થીમાં ખૂબજ ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત પોલીસ કર્મચારીઓ, હોમગાર્ડ, શિક્ષકો, આરોગ્ય કર્મચારીઓનુ શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ પ્રમાણપત્ર આપી સન્માન કરવામાં આવ્યાં. જેમા રાજુલા પોલીસ સ્ટેશનના ૧૫ જેટલા પોલીસ કર્મચારીઓને સુંદર કામગરી કરવા બદલ પ્રશાંતપત્ર આપી સન્માનિત કરાયાં હતાં. આ કાર્યક્રમમાં મામલતદાર શ્રીમાળી, મરીન પીએસઆઇ પી.બી.લક્કડ, મુકેશભાઈ ગુજરીયા, સરપંચ મહેશભાઇ મકવાણા તેમજ ગામના આગેવાનો સહિત મોટી સંખ્યામા ગ્રામજનો હાજર રહ્યા હતાં. રાજુલા શહેર તેમજ રાજુલાના ડુંગર, માંડળ, મોરંગી,કુંભારીયા, દેવકા, સમઢીયાળા, ખેરા, પટવા, સહિતના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમા પણ ૭૫ માં પ્રજાસત્તાક દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામા આવી હતી

# નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશનના દ્વારા પ્રજાસત્તાક પર્વની ગરીમાપૂર્ણ ઉજવણી કરાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**




૨૬મી જાન્યુઆરીના દિવસે અમૃતકાળના ૭૫માં પ્રજાસત્તાક પર્વની ઉજવણી મોરબીમાં સર્વાધિક કેમ્પસ ધરાવતા નવયુગ ગ્રુપ ઓફ એજ્યુકેશનના દરેક કેમ્પસ પર ધ્વજવંદન કરી મા ભારતીના ચરણોમાં શિશ નમાવ્યું હતું.

નવયુગ વિદ્યાલય ખાતે છજ્જ લાલબાગ ઉપનગર કાર્યવાહ રાજેશભાઇ વિરમગામા દ્વારા ધ્વજ વંદન સાથે દેશભક્તિ, સમાજસેવા અને ભવ્ય રામમંદિરની પ્રેરણાદાયી વાત કરવામાં આવી તેમજ નવયુગ સંકુલ ખાતે કિશાન સંઘ મોરબી જિલ્લાના અધ્યક્ષ શ્રી જીલેશભાઇ કાલરીયા દ્વારા ધ્વજ વંદન કરેલ તથા ભારતના ભવ્ય વારસા, બંધારણ અને ક્રાંતિકારીઓને યાદ કરી શ્રદ્ધાંજલિ અર્પીત કરી. કંઇક નવું કરવા માટે પ્રખ્યાત તેવા નવયુગ દ્વારા સામાજીક સમરસતાને પણ ઉજાગર કરતા નવયુગ ઇન્ટરનેશનલ પ્રિસ્કુલ ખાતે વર્ગ -૪ ના કર્મચારીઓના હસ્તે ધ્વજ વંદન તથા સાલ ઓઢાળીને સન્માન થયું.

આ તકે સંસ્થાના પ્રમુખ પી.ડી.કાંજીયા સાહેબએ દરેકને દુનિયાના સૌથી મોટા સ્વયંસેવી સંગઠન આર.એસ.એસ. દ્વારા ચાલતી પ્રવૃતિઓમાં જોડાવા આહવાન કર્યું. ભારત આજે દુનિયામાં શક્તિશાળી રાષ્ટ્ર તરીકે ઉભરી રહ્યો છે તેમાં દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી તેમજ આર.એસ.એસ. ની વિચારધારાનો સિંહ ફાળો છે. ધ્વજવંદનના કાર્યક્રમમાં ગઈઈની જુનિયર બોયઝ અને સિનિયર ગર્લ્સ બટાલિયનના કેડેટ્સએ પરેડ કરીને ધ્વજને સલામી આપી હતી. આ સાથે પ્રાથમિક વિભાગના વિદ્યાર્થીઓએ દેશભકિતથી ભરપુર પોતાના વિચારો રજુ કર્યા હતા. ધ્વજવંદન બાદ સ્ટુડન્ટ્સને મેદાનમાં વિભાગ વાઈઝ વિવિધ રમતો રમાડી હતી અને ઓડીટોરીયમમાં દેશભકિતની ફિલ્મ પણ બતાવી હતી.

સમગ્ર કાર્યક્રમોમાં સંસ્થાના પ્રમુખ પી. ડી. કાંજીયા અને મેનેજીંગ ટ્રસ્ટી બી. એસ. સરસાવાડીયાની પ્રેરણામય ઉપસ્થિતિ રહી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા વિવિધ વિભાગના પ્રિન્સિપાલઓ, શિક્ષકો, અધ્યાપકો, વ્યાયામ શિક્ષકો, NCCના અગઘ એ જહેમત ઉઠાવી હતી.

# કોડીનારના હરમડીયા ગામે પ્રેમ પ્રકરણમાં યુવાનની હત્યા

## સરાજાહેર શખ્સે છરી વડે બે ભાઈઓ પર હુમલો કર્યોઃ એકને ગંભીર ઈજા

**મુખ્ય સમાચાર, કોડીનાર**

કોડીનારના હરમડીયા ગામે સવારે ભરચકક બજારમાં ખૂની ખેલ ખેલાતા બે સગ્ગા ભાઈઓ ઉપર છરી વડે હુમલો કરવામા આવતા એકનુ મોત થયુ હતુ. જયારે એકને ગંભીર ઈજા થતા રાજકોટ હોસ્પિટલ માં ખસેડાયો છે.

આ અંગેની માહિતી મુજબ આરોપી હર્ષ ઉર્ફે રાજા જીતુભાઈ ગંગદવ ની બહેન સાથે મૃતક ગંભીરસિંહ ઋત્વિક ને સાતેક વર્ષ પહેલા જૂના પ્રેમ સંબધ હોય અને આજે આ બાબતે બબાલ થતા ભરબજારમાં હર્ષ ઉર્ફે રાજા જીતુ ગંગદેવે ગંભીરસિંહ ઉર્ફે ઋત્વિક ધીરૂભાઈ ખસિયા અને તેના ભાઈ હાર્દિકને ગાળો ભાંડી



છરી અને લાકડી વડે જીવલેણ હુમલો કરતા ગંભીરસિંહ ઉર્ફે ઋત્વિક નું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મૃત્યુ નીપજાવી અને હાર્દિક ને પણ ગંભીર ઈજા થતા પ્રથમ ઉના અને ત્યારબાદ વધુ સારવાર અર્થે જૂનાગઢ ખસેડવામાં આવતા કોડીનાર પોલીસે આ ઘટના માં મૃતક ના પિતા ધીરૂભાઈ બોરાભાઈ ખસીયા ની ફરિયાદ ના આધારે ફરિયાદ નોધી આરોપી ની ગણતરી ના સમય માં એલ.સી. બી દ્વારા ધરપકડ કરી પૂછપરછ સહિત વધુ કાર્યવાહી હાથ ધરી હતી.મુખ્ય બજારમાં લોહિયાળ જંગ ખેલાતા મુખ્ય બજાર ની દુકાનો ટપોટપ બંધ થતાં પોલીસ નો મોટો કાફલો ઘટના સ્થળે દોડી જઈ પરીસ્થિતિ ઉપર કાબૂમેળવ્યો હતો.

# ગેરકાયદેસર હથિયાર અને વાહન ચોરીના ગૂનામાં ઝડપાયેલ શખ્સ પાસામાં ધકેલાયો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના અનેક પોલીસ સ્ટેશનના ચોપડે વાહન ચોરી અને ગેરકાયદેસ હથિયાર રાખવાના ગુનામાં ચડી ચૂકેલો ભાવનગરમાં આવેલ ઘોઘા જકાતનાકા પાસે સુભાષનગરમાં ધારા કોમ્પ્લેક્ષમાં રહેતો રવિરાજ ગેતમ કહોર નામના શખ્સને તાલુકા પોલીસના



પીઆઈ વી.આર.પટેલ ની સુચના થી એએસઆઈ જે.ડી.વાઘેલા સહિતના સ્ટાફે અટકાયતમાં લઈ તેના પાસાના કાગળો તૈયાર કરી પીસીબી શાખાને મોકલાવતા તેના પર શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવે મહોર લાગવી દેતા તાલુકા પોલીસે આ શખ્સને પાસામાં ધકેલી દઈ જેલ હવાલે કરવામાં આવ્યો છે.

# ક્રિકેટ સટ્ટાના રેકેટમાં ૨૪ કરોડના માતબર વ્યવહારો થયા હોવાનું સામે આવ્યું

## ૨૮ થી વધુ ગાહકોના નામ ખુલ્યાઃ બે આઈડીમાંથી પેટા બુકીના નામ ખુલ્યા બાદ હવે હજારો પન્ટરોની વિગતો પણ બહાર આવે તેવી શકયતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ ક્રાઇમ બ્રાંચની ટીમે મસમોટા ક્રિકેટ સટ્ટાની તપાસની તપાસમાં ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી છે. પ્રાથમિક તપાસમાં બે માસ્ટર આઈડીમાંથી અધધ ૨૪ કરોડના વ્યવહાર થયાનું અને બંને આઇડીમાં સોદા નાંખનાર ૨૮ ગ્રાહકના નામ તપાસમાં ખુલ્યા છે.ક્રાઇમ બ્રાંચના પીઆઇ બી.ટી.ગોહિલ સહિતની ટીમે ચોક્કસ માહિતીના પગલે એસ્ટ્રોન ચોક પાસેથી સુકેતુ ભૂતા, હનુમાનમઢી પાસેથી ભાવેશ ખખ્ખર અને નવાગામમાંથી નિશાંત હરેશ ચગ નામના બુકીને તેમની ઓફિસમાંથી રૂ.૧૧.૬૫ લાખની રોકડ સાથે ઝડપી લીધા હતા.



પકડાયેલા ત્રણેય બુકી ચેરીબેટ નાઇન ડોટ કોમ અને મેજિક એક્સચેન્જ ડોટ કોમ નામની આઇડી મેળવી સટ્ટો રમાડતા હોવાની કબૂલાત આપી હતી.જોકે પોલીસની શરૂઆતની પ્રાથમિક તપાસમાં પથી ૭ કરોડના વ્યવહારો થયાનું જાણવા મળ્યું હતું.

પોલીસે બુકીના આઇડી પર તપાસ શરૂ કરી હતી. આ આઇડીમાં રૂ.૧૯,૯૮,૩૨,૬૪૨ના વ્યવહારો મળી આવ્યા હતા. તેમજ તે આઇડીમાંથી ૧૪ પેટા બુકીના ટૂંકા નામ મળ્યા હતા.

જેમાં પિન્ટુ જેતપુર, સંજય રાજકોટ, ગૌરાંગ મોરબી, પીનકેશ વાણિયા સુરત, ચંદ્રેશ રાજકોટ, ગુલુ રાજકોટ, સાજિદ અંકલેશ્વર, નિનાદ માંડલ, પીયૂષ રાજકોટ, પ્રથમેશ રાજકોટ, પરાગ અમરેલી, જયેશ રાજકોટ, સંજય સુરત અને એક ડેમો લખેલું નામ મળ્યું હતું. જ્યારે બીજી આઇડી મેજિક એક્સચેન્જ ડોટ કોમમાં રૂ.૩,૪૨,૩૬,૩૧૩ના વ્યવહારો મળી આવ્યા હતા. જેમાં આઇડીમાં મળેલા પેટા બુકીના ૧૪ નામોમાં કિશન સાવરકુંડલા, કુમાર સાવરકુંડલા, મહેશ આસોદરિયા રાજકોટ, રાજુ સોમાણી વાંકાનેર, નિશાંત છગ, પ્રથમેશ રાજકોટ, તેલી અમરેલી, કે.કે., એલ.કે., હરી રાજુલા, ઇમરાન, જતિન, પરાગ અને પંકજના નામ મળી આવ્યા હતા.

# પાટણવાવમાં સાવકી પુત્રીને અમાનુષી ત્રાસ આપનાર પિતાને પાંચ વર્ષની સજા

**મુખ્ય સમાચાર, ધોરાજી**

ધોરાજીના પાટણવાવમાં સાવકા પિતાએ સગીર વયની બાળકી પર અમાનુષી વર્તન કરતા આરોપી સંજય ચીમન મુછડિયા અને ધર્મેશ પ્રવીણને પાંચ વર્ષની સજા અને ૨૦ હજારનો દંડ ફટકારવામાં આવ્યા છે.

આ અંગેની માહિતી મુજબ ભોગ બનનારની માતાએ અગાઉના લગ્નજીવનમાં છુટ્ટાછેડા લઈ ધર્મેશ પ્રવીણભાઈ સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. સાથે આગલા ઘરની દીકરી પણ લાવેલી હતી. ધર્મેશને આ દીકરી ગમતી ન હોય તેની સાથે ખૂબ જ અમાનુષી વ્યવહાર કરતા અને બનાવના દિવસે ભોગ બનનારને વાસામાં પેટમાં અને કપાળના ભાગે ઈજા કરેલી હતી. ભોગ બનનારની ઉંમર માત્ર ત્રણ વર્ષ જેવી છે. આટલી નાની ઉંમરની દીકરીને અન્ય આરોપી સંજય ચીમન મુછડિયા પણ તેમના જ ઘરમાં રહેલી દુકાનમાં લઈ ગયેલ અને ગુપ્તાંગના ભાગે ચીટિયા ભરી અને વધારે યાતના આપી રહ્યા હતા. ભોગ બનનારની તબિયત બગડતા તેને પ્રથમ પાટણવાવના ડોક્ટર પાસે પછી મોટીમારડ સરકારી દવાખાને લઈ ગયેલા હતા. જ્યાં આરોપી ધર્મેશે ભોગ બનનારની માતાને ખોટી હિસ્ટ્રી આપવા ફરજ પાડેલી હતી. ત્યારબાદ ઉપલેટા સરકારી હોસ્પિટલમાં લઈ જવામાં આવેલ ત્યાં મેડિકલ ઓફિસરને શંકા જણાતા તેમણે પૂછપરછ કરી અને ભોગ બનનારની માતાએ સત્ય હકીક્ત જણાવી હતી. ત્યારબાદ તત્કાલીન પોલીસ ઇન્સ્પેક્ટર યશપાલસિંહ બી રાણાએ તપાસ કરેલી હતી અને આ તપાસ કર્યા બાદ આગળની તપાસ ગજેન્દ્રસિંહ ઝાલાએ કરેલી હતી.તમામ પક્ષકારોની દલીલો સાંભળી અને આજરોજ ગુરુવારે એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ અલી હુસેન મોહીબુલ્લા શેખે ભારતીય દંડ સહિતા કલમ ૩૨૩, ૩૫૪ એ તથા પોક્સો એક્ટની કલમ ૮ અને કલમ ૧૦ મુજબ આરોપીઓને તકસીરવાન ઠરાવેલ અને પાંચ વર્ષની સજા તથા ૨૦,૦૦૦ દંડ ફટકાર્યા હતા.

# ગોંડલમાં કાળા નાણાંને ધોળા કરવાના બહાને રૂા.૩૫ લાખની છેતરપિંડી

## ટ્રસ્ટીને રૂા.૭૦ લાખનું આંગડીયુ કરશો તો વ્હાઈટના રૂા.૧.૪૦ કરોડનું દાન આપીશું કહી ઠગાઈ કરાઈ

**મુખ્ય સમાચાર, ગોંડલ**

આ અંગેની ગોંડલના જેતપુર રોડ પર આવેલ રાજનગરમાં રહેતા અને ગોંડલમાં જય મા અંબે ટ્રેડીંગ નામનું કારખાનું ધરાવતાં પારસભાઈ ઘનશ્યામભાઈ ગોંડલીયા (ઉ.૨૫)એ ગોંડલ બી ડીવીઝન પોલીસ મથકમાં નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે ચેતનભાઈ પટેલ, કિશનભાઈ, અમીતભાઈ ભીખાભાઈ વસોયા અને અજાણ્યા શખ્સનું નામ આપ્યું છે.પોલીસ ફરિયાદમાં જણાવ્યા પ્રમાણે ફરિયાદી ગોંડલમાં જય મા અંબે ચેરીટેબલ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે સેવા આપતાં હોય અને પોતાના ફેસબુકમાં ટ્રસ્ટની જાહેરાત કરી દાન માટેની અપીલ કરતાં હોય છ મહિના પહેલા કચ્છના રફીકભાઈ સાથે વાતચીત થઈ હતી અને તેઓએ જણાવ્યું હતું કે રાજકોટનાં અલ્પાબેન સોનીનો કોન્ટેક નંબર આપ્યો હતો અને તેઓ કંપનીને રોકડા પૈસા બુકીંગ પેટે આપો તો તમને ડબલ કરીને આરટીજીએસ કરાવી આપશે તેવી વાત કરી હતી.ત્યારબાદ અલ્પાબેન સોની સાથે અવારનવાર વાતચીત થઈ હતી. અલ્પાબેન સોનીએ ૭૦ લાખ રૂપિયાનું કંપનીમાં બુકીંગ કરાવશો તો તમને જય મા અંબે ટ્રસ્ટમાં ૧.૪૦ કરોડનું દાન પેટે આરટીજીએસ મળી જશે તેવી વાતચીત કરી હતી અને કંપનીનું સર્ટીફીકેટ તથા પાનકાર્ડ અને કંપનીનું ડોનેશન લેટર પણ મળી જશે તેવી વાત કરી હતી. ગઠીયા ગેંગની વાતોમાં ભોળવાઈ જઈ ફરિયાદીએ પોતાના મિત્ર પાસેથી એક દિવસ પુરતાં ૭૦ લાખ ઉછીના લીધા હતા અને આ રકમ ગઠીયા ગેંગ સાથે થયેલ વાતચીત મુજબ રાજકોટની સોની બજારમાં આવેલ એચ.એમ. આંગડીયા પેઢીમાં ૭૦ લાખ લોડીંગ કરાવ્યા હતાં. ત્યારબાદ ફરિયાદીને ટોકન પેટે એક નોટ આપી હતી. બાદમાં તમને બીગ બજાર પાસે સાંજે આરટીજીએસ મળી જશે તેવી વાતચીત કરી હતી. પરંતુ ફરિયાદીને આરટીજીએસનો ચેક નહીં મળતાં આંગડીયાપેઢીમાં સંપર્ક કરી પેમેન્ટ સ્ટોપ કરાવી દીધું હતું..આંગડીયા પેઢીમાં તપાસ કરતાં સુરત એચ.એમ. આંગડીયા પેઢીની બ્રાંચમાંથી અમીત ભીખાભાઈ વસોયા નામનો શખ્સ ૩૫ લાખ લઈ ગયો હતો જેનું લાયસન્સ અને સીસીટીવી ફુટેજ પાછળથી ફરિયાદીએ મેળવી લીધા બાદ આ ગઠીયા ગેંગ સામે ચીટીંગ કર્યાની ફરિયાદ નોંધાવી છે.

# સામાકાંઠે આર્યનગરમાં આર્થિક ભીંસથી કંટાળી પ્રૌઢે ગળાફાંસો ખાઇ કર્યો આપઘાત

## વિધવાએ બીમારીથી કંટાળી એસિડ પી આપઘાત કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં પ્રૌઢે આર્થિક ભીંસથી અને વિધવાએ બીમારીથી કંટાળીને જિંદગી ટૂંકાવ્યાનો બનાવ પ્રકાશમાં આવ્યા છે.સંત કબીર રોડ, ત્રિવેણી ગેટ અંદર આવેલા આર્યનગર-૨૧માં રહેતા ભાવેશભાઇ મનસુખભાઇ મોનાણી નામના પ્રૌઢે ગુરુવારે સવારે તેના ઘરે છતના હૂકમાં ચૂંદડી બાંધી ગળાફાંસો ખાઇ લીધો હતો. બનાવની જાણ પત્નીને થતા ૧૦૮ને બોલાવી હોસ્પિટલ લઇ ગયા હતા. જયાં ભાવેશભાઇનું મોત નીપજ્યાનું જાહેર કર્યું હતું.

બી ડિવિઝન પોલીસે મૃતક ભાવેશભાઇની પત્ની દિપાલીની પૂછપરછ કરતાં પતિ છૂટક ડ્રાઇવિંગનું કામ કરતા હતા. સવારે પુત્ર, પુત્રી બંને સ્કૂલે ગયા હતા. પોતે શાકભાજી લેવા ગયા હતા. ત્યારે પતિ ઘરે એકલા હોય પગલું ભરી લીધાનું જણાવ્યું હતું. છેલ્લા કેટલાક સમયથી કામ ન મળવાને કારણે આર્થિક ભીંસ અનુભવતા હોવાને કારણે જિંદગી ટૂંકાવી હોવાનું મૃતકની પત્નીએ પોલીસને જણાવ્યું હતું. આપઘાતના અન્ય એક બનાવમાં લાખનાં બંગલા પાસે મહાવીરનગર મેઇન રોડ પર રહેતા મંજુલાબેન મનસુખભાઇ ચાવડા નામના વિધવાએ એસિડ પીને આપઘાત કરી લીધો હતો.

ગાંધીગ્રામ પોલીસની તપાસમાં વિધવા છેલ્લા કેટલાક સમયથી ડાયાબિટીસની બીમારીથી પીડાતા હતા. દવા કરવા છતાં કંઇ ફરક નહિ પડતાં પગલું ભરી લીધાનું મૃતકના પુત્રે પોલીસને જણાવ્યું છે.

# સાધુવાસવાણી રોડ પર કાર ચાલકે એકટીવાને ઠોકરે ચડાવતા પત્નીની નજર સામે પતિનું મોત

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સાધુ વાસવાણી રોડ પર પૂરપાટ ઝડપે જતા કાર ચાલકે રોંગ સાઇડમાં એક્ટિવા લઇને આવતા વૃદ્ધ દંપતીને અડફેટે લીધા હતા. જેમાં ૭૫ વર્ષના મનસુખલાલ ભાલોડિયા હવામાં ફંગોળાઇ રોડ પર પટકાયા હતા. અને તેથી વૃદ્ધ લોહીલુહાણ થઈ ગયા હતા. જોકે, તે ગંભીર રીતે ઘાયલ થતાં સ્થળ પર જ તેમનું મોત નીપજ્યું હતું.



આ અંગેની માહિતી મુજબ રાજકોટમાં સાધુ વાસવાણી રોડ પર પાટીદાર ચોક પાસે સાંઇ દર્શન એપાર્ટમેન્ટમાં રહેતા ૭૫ વર્ષીય મનસુખલાલ ભગવાનજી ભાલોડિયા તેમના પત્ની રમાબેન કે જેઓ બીમાર હોવાથી હોસ્પિટલથી ઘરે પરત ફરી રહ્યાં હતાં. ત્યારે પૂરપાટ ઝડપે આવતા કાર ચાલકે અડફેટે લેતા વૃદ્ધા ગંભીર રીતે ઘાયલ થતાં લોહીલુહાણ થયા હતા. જેથી તેમનું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું.

પાટીદાર ચોક પાસે બનેલી આ ઘટનાના સીસીટીવી હૈયું હચમચાવી દે તેવા છે. DD 03 K 6594 નંબરના કાર ચાલકે એક્ટિવા ચાલક (GJ 03 KN 7462) વૃદ્ધ અને તેમનાં પત્નીને અડફેટે લેતા તેઓ હવામાં ફંગોળાયા હતા અને ગંભીર રીતે ઘાયલ થયાં હતાં. જેમાં વૃદ્ધ મનસુખલાલનું ઘટના સ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે તેમનાં પત્ની રમાબેન ઇજાગ્રસ્ત થયાનું જાણવા મળી રહ્યું છે. કારની સ્પીડ કેટલી હશે તે આ સીસીટીવી થી અંદાજ લગાવી શકાય છે.

# મધ્યસ્થ જેલમાં ૭૫માં પ્રજાસત્તાક દીનની ભવ્ય ઉજવણી







**મુખ્ય સમાચાર, રાજકોટ**

૭૫મા પ્રજાસત્તાક દીનની રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે ઉત્સાહ ભેર ઉજવણી કરવામા આવેલ. જેલ અધિક્ષક શિવમ વર્મા(IPS) ના હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. આ તબ્બકે જેલના તમામ સંવર્ગના અધિકારી/કર્મચારીઓ ઉપસ્થિત રહેલ હતા. તેમજ અધિકારી/ કર્મચારીઓને સોપવામાં આવેલ ફરજો નિષ્ઠા અને ખંતથી બજાવવા સબબ જેલ અધિક્ષક શિવમ વર્મા(IPS) નાઓના હસ્તે પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવેલ હતા તથા જેલની અંદર સારી કામગીરી કરવા બદલ બંદીવાનોને પણ પ્રશંસાપત્ર એનાયત કરવામાં આવેલ હતા. જેલ અધિક્ષકશ્રી શિવમ વર્મા (IPS)નાઓ દ્વારા બંદીવાનો પોતાની સજાનો સમય પુર્ણ કરી સમાજમાં પુનઃવર્સન પામે અને પોતાના પરીવાર સાથે સમાજમા એક સારા નાગરીક તરીકે પોતાનુ જીવન વ્યતિત કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામા આવેલ હતી.

# જેલના કર્મચારી અને કેદીઓને હૃદય રોગના હુમલા માંથી બચાવવા અંગે કેમ્પ યોજાયો







**મુખ્ય સમાચાર, રાજકોટ**

અધિક પોલીસ માહિનિદેશક, જેલ અને સુધારાત્મક વહિવટ, ગુજરાત રાજ્ય, અમદાવાદ ડો.કે.એલ.એન.રાવ (IPS) તથા જેલ અધિક્ષક શિવમ વર્મા(IPS) નેતૃત્વ હેઠળ રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓને CPRની તાલીમ આપવા માટેનો કેમ્પ રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે આજ રોજ તા.૨૫/૦૧/૨૦૨૪ના રોજ રાખવામાં આવેલ હતો. આ કેમ્પમાં સિવિલ હોસ્પીટલ, રાજકોટની ટીમ દ્વારા તમામ અધિકારી/ કર્મચારીઓ તેમજ બંદીવાનોને CPRની તાલીમ આપવામાં આવેલ હતી. તેમજ હ્રદય રોગના હુમલા જેવી ગંભીર પરીસ્થિતીને પહોચી વળવા માટેનુ સચોટ માર્ગદર્શન આપવામાં આવેલ હતુ. આ કેમ્પમાં અધિકારીઓ/ કેમચારીઓ તથા બંદીવાનોએ બહોળી સંખ્યામાં ભાગ લઇ કેમ્પને સફળ બનાવેલ હતો. સદરહુ કેમ્પને સફળ બનાવવા માટે નાયબ અધિક્ષક બી.બી.પરમાર તથા તેમની ટીમ તેમજ જેલના મેડીકલ ઓફીસર તથા પેરા મેડીકલ સ્ટાફ દ્વારા ખાસ જહેમત ઉઠાવેલ હતી. પરમાર દ્વારા કેમ્પમાં ઉપસ્થિત રહેલ સીવીલ હોસ્પિટલ, રાજકોટના તમામ તજજ્ઞ ડોક્ટરોનો આભાર વ્યક્ત કરવામાં આવેલ હતો.

# ઉત્કૃષ્ટ કામગીરી બદલ ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ સરવૈયા અને એએસઆઈ નિલેશભાઈને સન્માનપત્ર અપાયું

**મુખ્ય સમાચાર રાજકોટ**

૭૫નું પ્રજાસત્તાક દિન નિમિતે રાજકોટ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવએ ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ મયુરધ્વજસિંહ સરવૈયા અને એએસઆઈ નિલેશભાઈ મક્વાણાને ઉત્કૃષ્ટ કામગીરી બદલ સન્માન પત્ર પાઠવી શુભેચ્છા આપી હતી.

ભક્તિનગર પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.એમ.સરવૈયા અને પીઆઈ રાઈટર એએસઆઈ નિલેશભાઈ મક્વાણા કે જેઓએ ૨૦૨૩માં ખુન, એન.ડી.પી.એસ., પોક્સો જેવી ગંભીર પ્રકારના ગુનામાં તપાસ દરમિયાન કારજી પૂર્વક કેસના કાગળો તૈયાર કરેલ અને આવા કુલ પાંચ ગુનાઓના કુલ બાર આરોપીઓને પૂરાવાના આધારે નામદાર સેસન્સકોર્ટ રાજકોટ દ્વારા સાત વર્ષથી લઈ આ''જીવન સુધીની કેદ તથા એક લાખ સુધીના રોકડ દંડની સજાઓનો હૂકમ કરેલ છે. આરોપીઓને સજા થાય અને કાયદાનું શાસન સુનિશ્ચિત થાય તે અંગે મહત્વની ભૂમિકા ભજવેલ છે. આ ઉત્કૃષ્ટ કામગીરી બદલ શહેર પોલીસ તરફથી શુભેચ્છા પાઠવી સન્માન કરવામાં આવ્યું હતું.



# મહિકા ગામના રસ્તે વિદશી દારૂ ભરેલી કાર પોલીસે ઝડપી લઈ રૂા.૭.૩૨ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, વાંકાનેર**

વાંકાનેરના મહિકાથી હોલમઢ ગામ વચ્ચે મચ્છુ નદી તરફ જતા કાચા રસ્તા ઉપરથી પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી વિદેશી દારૂ ભરેલી બોલેરો કાર ઝડપી લઈ વિદેશી દારૂની ૬૭૨ બોટલ તેમજ બોલેરો ગાડી મળી ૭, ૩૨,૭૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. બોલેરો ચાલક નાસી છૂટયો હતો.

આ અંગેની માહિતી મુજબ મહિકાથી હોલમઢ ગામ તરફ વિદેશી દારૂ ભરીને નીકળેલ બોલેરો પીકઅપ વાહનને રોકાવાનો પ્રયાસ કરતા બોલેરો પીકઅપના ચાલકે પોતાનું વાહન ઉભું નહીં રાખતા પોલીસે બોલેરો પીકઅપ વાહનનો પીછો કરી કર્યો હતો. હોલમઢ ગામથી મચ્છુ નદી તરફ જતા કાચા રસ્તા તરફ અવેળા પાસે બોલેરો ચાલક ગાડી રેઢી હાલતમાં મૂકી નાસી છૂટ્યો હતો. પોલીસે બોલેરો પીકઅપ વાહન નંબર GJ-19- TT-7649 કબજે કર્યું હતું. પોલીસે રેઢી હાલતમાં મળી આવેલ બોલેરો પીકઅપમાંથી વિદેશી દારૂની ૬૭૨ બોટલ કિંમત રૂપિયા ૨,૩૨,૫૦૦ તથા બોલેરો પીકઅપ વાહન કિંમત રૂપિયા ૫ લાખ મળી કુલ રૂપિયા ૭,૩૨,૭૦૦ રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં બોલેરો કાર ચાલક વિરુદ્ધ પ્રોહીબિશન એક્ટ મુજબ ગુનો નોંધ્યો હતો. આ કામગીરી ઇનચાર્જ પીએસઆઈ અને તેમની ટીમે કરી હતી.

# સામાકાંઠે ભગવતીપરામાં સગીરાને પ્રેમજાળમાં ફસાવી શખ્સે દુષ્કર્મ આચર્યું

## સગીરાની માતાએ બી.ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવતા શખ્સની શોધખોળ

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના સામાકાંઠે ભગવતીપરા વિસ્તારમાં રહેતી સગીરાને પાડોસમાં રહેતા શખ્સે પ્રેમઝાળમાં ફસાવી લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચરતા બીડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાય છે.

આ અંગેની પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ સામાકાંઠે ભગવતીપરા વિસ્તારમાં રહેતી અને મજૂરી કામ કરતી ૪૧ વર્ષીય મહિલાએ બીડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ભગવતીપરામાં નદીના કાઠે રહેતો વિકી રામભાઈ નામનો શખ્સ તેની ૧૪ વર્ષની સગીર વયની પુત્રીને પ્રેમઝાળમાં ફસાવી લલચાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી અપહરણ કરી ગયા બાદ સગીરની મર્જી વિરુધ બળજબરીથી



અવારનવાર શરીર સંબંધ બાંધી દુષ્કર્મ ક્યો હોવાની ફરિયાદ નોંધાવતા બીડીવીઝન પોલીસ મથકના પીઆઈ આર.જી.બારોટ સહિતના સ્ટાફે મહિલાની ફરિયાદ નોંધી આરોપી વિકી રામભાઈ નામના શખ્સની શોધખોળ શરૂ કરી છે.